ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

અધિસૂચના

તા.૩૧/૦૮/૨૦૨૪

No: GL/40/2024/SJED/MKM/e-file/17/2024/1703/CHH :- રાજ્યમાં ધ જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ના અમલીકરણ અન્વયે કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકોના ન્યાયિક નિર્ણય માટે ઉક્ત અધિનિયમની કલમ-૨૭ મુજબ રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લાઓમાં બાળ કલ્યાણ સમિતિની રચના કરવાની જોગવાઈ છે.

રાજ્ય સરકાર દ્વારા તા.૦૪/૦૮/૨૦૨૧ની અધિસૂચના ક્રમાંક- G/L/07/2021/JJA/102017/769493(Pa.III)/CHH Sectionથી ગુજરાત રાજ્યના પાટણ જિલ્લા માટેની બાળ કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ હતી. પાટણ જિલ્લા માટેની બાળ કલ્યાણ સમિતિમાં નીચેના કોષ્ટક મુજબના ૦૧-અધ્યક્ષ અને ૦૪-સભ્યોની નિમણૂક કરવામાં આવેલ હતી. અધિનિયમની કલમ-૨૭(૬) મુજબ બાળ કલ્યાણ સમિતિની મુદ્દત આ સમિતિની નિમણૂક થયાથી ત્રણ વર્ષ સુધીની હોય છે. આ સમિતિના અધ્યક્ષ અને સભ્યોની મુદ્દત તા.૦૩/૦૮/૨૦૨૪ના રોજ પૂર્ણ થયેલ છે.

બાળકોના શ્રેષ્ઠહિતને ધ્યાનમાં લઈ તા.૦૪/૦૮/૨૦૨૧ની અધિસૂચના ક્રમાંક- G/L/07/2021/JJA/102017/769493(Pa.III)/CHH Sectionથી રચવામાં આવેલનીચેના કોષ્ટક મુજબની પાટણ જિલ્લા માટેની બાળ કલ્યાણ સમિતિની મુદ્દત ખાસ કિસ્સામાં નવી નિમણૂક ન થાય ત્યાં સુધી અથવા આ અધિસૂચનાની તારીખથી એક વર્ષ સુધી અથવા સરકારશ્રી અન્ય હુકમ કરે ત્યાં સુધી ત્રણ માંથી જે વહેલું હોય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

| ક્રમ | બાળ કલ્યાણ સમિતિનું નામ | સમિતિનું બંધારણ | | | સમિતિના અધિકારક્ષેત્રનો વિસ્તાર |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | | | (૪) |
| ૧ | બાળ કલ્યાણ સમિતિ-પાટણ | ૧ | શ્રી રમેશકુમાર ટી. ઠક્કર | અધ્યક્ષ | પાટણ જિલ્લો અને પાટણ હેડ ક્વાટર |
| | | ૨ | સુશ્રી યોગિનીબેન આર. વ્યાસ | સભ્ય | |
| | | ૩ | સુશ્રી સુષ્માબેન સી. રાવલ | સભ્ય | |
| | | ૪ | શ્રી પીનલકુમાર એસ. પટેલ | સભ્ય | |
| | | ૫ | શ્રી પૃથ્વીસિંહ એ. ઠાકોર | સભ્ય | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુવરાજસિંહ જાડેજા)
સરકારના ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
- અ.મુ.સ.શ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ , સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી સી.આઈ.ડી. કાઈમ અને રેલ્વે, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ (મારફત: મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર.)
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ/ જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ (મારફત: મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગર.)
- મહાલેખાકારશ્રી, ગુજરાત. અમદાવાદ/રાજકોટ.
- કમિશ્નરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં.૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત તમામ જિલ્લાઓના જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના સભ્યો. (મારફત: મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર.)
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ-વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by:Yuvrajsinh Pravinsinh Jadeja
Under Secretary
Date: 2024.08.31 16:53:32 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign